www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Saturday
31.07.2021
✳Volume :5 ✳ Issue No. 350

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳ Managing Editor: Arjun Sondarva ✳ Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :06 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

# NCDC એ સતત આવિષ્કારો કરવાની ઝંખના જાળવી રાખવી જોઇએ જેથી ફક્ત ભારત નહીં પરંતુ આખા વિશ્વને તેમના કાર્યોનો લાભ પ્રાપ્ત થાય: શ્રી મનસુખ માંડવિયા

### કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ NCDCના ૧૧૨મા વાર્ષિક દિવસ નિમિત્તે ડિજિટલ માધ્યમથી છરઇ માટે સંપૂર્ણ જીનોમ સિક્વન્સિંગ રાષ્ટ્રીય સંદર્ભ લેબોરેટરી અને નવી BSL 3 લેબોરેટરીનું ઉદ્ઘાટન કર્યું



કમલમદૈનિક,
કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી શ્રી મનસુખ માંડવિયાના અધ્યક્ષ સ્થાને આજે અહીં રાજ્યમંત્રી (HFW) ડૉ. ભારતી પવારની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય બીમારી નિયંત્રણ કેન્દ્ર (NCDC)ના ૧૧૨મા વાર્ષિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી એન્ટી માઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) માટે સંપૂર્ણ જીનોમ સિક્વન્સિંગ રાષ્ટ્રીય સંદર્ભ લેબોરેટરીઅને BSL 3 લેબોરેટરી તેમજ PG છાત્રાલયઅનેઅતિથિ ગૃહનું ઉદ્ઘાટન કર્યું હતું. L3 લેબોરેટરી સંકુલમાં પાંચ માળ છે અને તેમાં ૨૨ જૈવ સલામતી સ્તર (BSL) II લેબોરેટરીઓ છે. NCDCએ આપેલા યોગદાન બદલ તેમને અભિનંદન પાઠવતા શ્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, કોવિડ મહામારીદરમિયાન અન્ય ઘણા દેશોની સરખામણીએ ભારતની કામગીરી વધુ સારી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, દ્રઝઢઝના ૧૧૨ વર્ષના ભવિષ્ય ઈતિહાસના વારસામાં આજે નવા પરિમાણો ઉમેરવામાં આવ્યા છે. તેમણે NCDCને વધુમાં વધુ આવિષ્કારો કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું જેથી તેમના કાર્યોથી ફક્ત ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને લાભ થાય. કેન્દ્રીય મંત્રીશ્રીએ એવું પણ રેખાંકિત કર્યું હતું કે, NCDCના વૈજ્ઞાનિકો, ડૉક્ટરો, અધિકારીઓ અનેસ્ટાફે આવનારા વર્ષોમાંતેઓ જે સિદ્ધિ પ્રાપ્ત કરવા માંગે છે તેના

## ઝૂનોટિક બીમારીઓ પર IEC સામગ્રી અને વાયુ પ્રદૂષણ અને ઉષ્મા પર રાષ્ટ્રીય આરોગ્ય અનુકૂલન યોજનાઓ બહાર પાડવામાં આવી

લક્ષ્યો સહયોગપૂર્ણ રીતે નિર્ધારિત કરવા જોઈએ. તાજેતરની કોવિડ-૧૯ મહામારીએ ઝુનોટિક બીમારીઓ પર સતત સતર્કતા દાખવવાની અનેતેના વિશે જાગૃતિ લાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો છે. તદનુસાર, NCDC ખાતે "ઝુનોસીસના નિવારણ અને નિયંત્રણ માટે નેશનલ વન હેલ્થ પ્રોગ્રામ'' અંતર્ગત ઝુનોટિકબીમારી કાર્યક્રમના પ્રભાગ દ્વારા ભારતમાં રહેલી ૭ પ્રાથમિક ઝુનોટિક બીમારી એટલે કે, હડકવા, સ્ક્રબ ટાઈફસ, બ્રુસેલોસિસ, એન્થ્રેક્સ, CCHF, નિપાહ, ક્યાસાનુર ફોરેસ્ટ બીમારી પર IEC સામગ્રી (પ્રિન્ટ, ઓડિયો અને વીડિયો) તૈયાર કરવામાં આવી છે. રાજ્યમંત્રી (HFW) સાથે મળીને કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ આનું વિમોચનકર્યું હતું. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ વાયુ પ્રદૂષણ અને ઉષ્મા માટે રાષ્ટ્રીય આરોગ્ય અનુકૂલન યોજનાઓનોપણ પ્રારંભ કર્યો હતો તેમજ "રાષ્ટ્રીય આબોહવા પરિવર્તન અને માનવ આરોગ્ય




કાર્યક્રમ'' અંતર્ગત ઈન્ફોગ્રાફિક અને પ્રથમ ન્યૂઝલેટરનું પણ વિમોચન કર્યું હતું. NCDC ખાતે પર્યાવરણ અને રોજગારી આરોગ્ય, આબોહવા પરિવર્તન અનેઆરોગ્ય દ્વારાઆ તૈયાર કરવામાંઆવ્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રીડૉ. ભારતી પ્રવીણપવારે જણાવ્યું હતું કે, NCDC તેમની લેબોરેટરીઓ દ્વારા લોકોને સંખ્યાબંધ સેવાઓપૂરી પાડે છે અને રોગચાળાવિજ્ઞાન, જાહેર આરોગ્ય ક્ષમતા નિર્માણ, કીટ વિજ્ઞાન વગેરેમાં વધુ મજબૂતી લાવે છે. દેશમાં એન્ટી માઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) નિયંત્રણ કાર્યક્રમમાંNCDCનીચાલકબળ તરીકેનીભૂમિકાપ્રશંસનીય છે. ડૉ. પવારે ઉલ્લેખ કર્યો હતો કે, "NCDC મોટીઓથોરિટી અને સંસાધનો સાથે બીમારી પર દેખરેખ, આરોગ્ય સ્થિતિ પર દેખરેખ, જાહેર જનતામાં માહિતી નાપ્રસાર, જાહેર આરોગ્યક્રિયાઓ માટે પૂરાવા પાડવા અને જાહેર આરોગ્ય નિયમનોના અમલીકરણ માં ફોકલ પોઈન્ટ તરીકે કામ કરી શકે છે.'' તેમણે જાહેર આરોગ્ય અંગેલોકોમાં જાગૃતિ અને આજના સમયની જીવનશૈલી સંબંધિત બીમારીઓથી દૂર રહેવામાં લોકોની સહભાગીનીજરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. કેન્દ્રીય આરોગ્ય સચિવ શ્રી રાજેશ ભૂષણ, આરોગ્ય સેવાઓના મહા નિદેશક ડૉ. સુનિલ કુમાર, અધિક સચિવ શ્રીમતી આરતી આહુજા, સંયુક્ત સચિવ શ્રી લવ અગ્રવાલ, NCDCના નિદેશક ડૉ. સુજિતસિંહ, ભારતમાં WHOના પ્રતિનિધી ડૉ. રોડ્રિકો એચ. ઓફીન આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

## સરકાર ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ, પારદર્શક પરીક્ષા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આરોગ્ય સેવાઓ સર્જવા માટે પ્રતિબદ્ધ: શ્રી મનસુખ માંડવિયા



કમલમદૈનિક,
કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ આજે નેશનલ મેડિકલ કમિશન સાથે એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ મીટિંગમાં તબીબી શિક્ષણના મહત્વના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. મીટિંગમાં એનએમસીના અધિકારીઓ દ્વારામાહિતી અપાયા મુજબ, નેશનલએક્ઝિટ ટેસ્ટ ( NExT) રોડમેપ મુજબ ૨૦૨૩ના પ્રથમ છ માસમાં યોજવામાં આવશે. કાર્યવાહીના પરીક્ષણ અને તબીબી વિદ્યાર્થીઓમાંચિંતા દૂર કરવા માટે એક મૉકરનનું પણ આયોજન થઈ રહ્યું છે અને તે ૨૦૨૨માં યોજવામાં આવશે. એવી પણ ચર્ચા થઈ હતી કે NExના પરિણામો (પગલું ૧ અને ૨) પછી આ માટે ઉપયોગમાં લેવાશે.

(i) ફાઈનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષા ઉત્તીર્ણ થવા.
(ii) ભારતમાં આધુનિકચિકિત્સાની પ્રેક્ટિસ કરવાનુંલાઈસન્સમેળવવા.
(iii) વ્યાપક વિશેષતાઓમાં પીજી બેઠકોની મેરિટ આધારિત ફાળવણી માટે.

સમીક્ષા મીટિંગમાં, NExTને વિશ્વ સ્તરીય ધારાધોરણની પરીક્ષા બનાવવાના ઉપાયોની પણ ચર્ચા અને મસલતો કરવામાં આવી હતી. NExT પરીક્ષાનું મહત્વ એ હકીકત પરથી ફલિત થાય છે કે ભારતમાં તાલીમ લીધી હોય કે વિશ્વના કોઈ પણ ભાગમાં, એ દરેક માટે સરખી રહેશે અનેએટલે તે ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (એફએમજીઝ)/ પરસ્પર માન્યતાની સમસ્યા ઉકેલશે. મીટિંગને સંબોધન કરતા શ્રી મનસુખ માંડવિયાએ ભાર મૂક્યો હતો કે ભારત સરકાર ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ સર્જવા અને પારદર્શકપરીક્ષા ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ આરોગ્ય સેવાઓ માટે પ્રતિબદ્ધ છે અને આ હેતુ હાંસલ કરવા માટે તમામ હિતધારકો સાથે અથાક રીતે કાર્ય કરી રહી છે.

**નેશનલ મેડિકલ કમિશન (એનએમસી):**

એનએમસી એ નેશનલ મેડિકલ કમિશન એક્ટ, ૨૦૧૯ તરીકે જાણીતા સંસદના કાયદા દ્વારા સ્થાપિત છે જે ૨૫.૦૯.૨૦૨૦ના રોજ અમલમાં આવ્યું હતું અને એનો હેતુ ગુણવત્તાયુક્ત અને પરવડે એવા તબીબી શિક્ષણ માટે પ્રવેશ સુધારવાનો, દેશના તમામ ભાગોમાં પૂરતા અને ઉચ્ચ ગુણવત્તાના તબીબી વ્યવસાયિકો સુનિશ્ચિત કરવાનો અને સમાન અને સર્વગ્રાહી આરોગ્ય કાળજી પૂરી પાડવાનો છે. એનએમસીની વ્યાપક કામગીરીમાં તબીબી શિક્ષણમાં ઉચ્ચ ગુણવત્તા અને ઉચ્ચ ધારાધોરણ જાળવવાનો અને આવશ્યક નિયમો બનાવવાનો; તબીબી સંસ્થાઓ, તબીબી સંશોધન અને તબીબી વ્યવસાયિકોના નિયમન માટેની નીતિઓ ઘડવાનો; આરોગ્ય અને આરોગ્ય સેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે માનવ સંસાધન સહિત આરોગ્ય સેવાઓમાં જરૂરિયાતોનું આકલન કરવા અને આવી જરૂરિયાતોનેપહોંચી વળવા માટે રોડ મેપ વિકસાવવા; કમિશન, સ્વાયત્ત બોર્ડ્સ અને રાજ્ય મેડિકલ કાઉન્સિલોની યોગ્ય કામગીરી માટે જરૂરી નીતિ-નિયમો બનાવીને નીતિઓ ઘડવા અને માર્ગદર્શિકા ઘડવા તેમજ તેના સંકલન અને પ્રોત્સાહનનો સમાવેશ થાય છે. તે સ્વાયત્ત બોર્ડ્સ વચ્ચે સંકલન પણ સુનિશ્ચિત કરે છે. એનએમસી સ્વાયત્ત બોર્ડ્સના નિર્ણયોનાસંદર્ભમાં એપેલેટ ન્યાય ક્ષેત્ર તરીકે પણકાર્યકરે છે અને તબીબી વ્યવસાયમાં વ્યવસાયિક નીતિશાસ્ત્રનું પાલન સુનિશ્ચિત કરવા નીતિઓ અને સંહિતાઓ ઘડે છે અને તબીબી પ્રેક્ટિશનર્સ દ્વારા સેવા પૂરી પાડવા દરમ્યાન નૈતિક આચરણને ઉત્તેજનઆપે છે.

# વૃક્ષો એટલે કુદરતી ઓક્સિજન પ્લાન્ટ, વૃક્ષ વાવેતર અને જતનની જવાબદારી આપણા સૌની - કેબિનેટ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર

### ચાણસ્મા તાલુકાના વસઈપુરા ખાતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કમલમ દૈનિક, પાટણ
ચાણસ્મા તાલુકાના વસઈપુરા ખાતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. જિલ્લાને હરિયાળો બનાવવાની નેમ સાથે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી વન વિભાગ દ્વારા જિલ્લાની ૭૧ ગ્રામ પંચાયતોમાં ૧,૧૧,૧૧૧ રોપાઓનુંવાવેતર કરવામાંઆવ્યું. પ્રાસંગીકઉદબોધન કરતાં કેબિનેટ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું કે, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગામડાઓને સક્ષમ, આર્થિક રીતે મજબૂત અનેપગભર કરી ગામડાઓના ઉત્થાન માટેમનરેગા યોજના હેઠળ અનેક વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત પાટણ જિલ્લામાં આજે ૭૧ ઉપરાંત આગામી સમયમાં ૮૦ મળી કુલ ૧૫૧ ગ્રામ પંચાયતોમાં ઘનિષ્ઠ વનીકરણની કામગીરી કરવામાં આવશે. ઉપરાંત ત્રણ વર્ષ સુધી જિલ્લાગ્રામ વિકાસ એજન્સીદ્વારા તેનીજાળવણીનુંપણ કામ કરવામાં આવશે. વધુમાં કેબિનેટ મંત્રીશ્રીએ ઉમેર્યુંકે, તાઉતે વાવાઝોડાના કારણે રાજ્યભરમાં દોઢ લાખ વૃક્ષો ધરાશાયીથયા, તેની ખોટ પૂરી કરવા વનીકરણ આવશ્યક બન્યું છે. સાથે જ કોરોના જેવી મહામારીમાં પ્રાણવાયુની સૌથી વધુ જરૂરિયાત ઉભી થતી હતી ત્યારે કુદરતી ઓક્સિજન પ્લાન્ટ જેવા વૃક્ષોના વાવેતર અને તેના જતનની










### જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને વન વિભાગના સંયુકત ઉપક્રમે જિલ્લાની ૭૧ ગ્રામ પંચાયતોમાં ૧,૧૧,૧૧૧ રોપાઓનુંવાવેતર

જવાબદારી આપણીસૌની છે. ગ્રામ વિકાસ માટે અમલી મનરેગા હેઠળ કરવામાં આવનારી વનીકરણની કામગીરીથી ગ્રામ પંચાયતની સ્થાયી મિલકત ઉભી થવા ઉપરાંત ગામના લોકોને રોજગારી પણ ઉપલબ્ધ બનશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી રમેશ મેરજાએ જણાવ્યું કે, ચોમાસાની શરૂઆત સાથે જ વૃક્ષ વાવેતરની કામગીરી શરૂ થઈ જાય છે. આપણે વૃક્ષોનું મહત્વ સમજી મહત્તમ વૃક્ષોનુ વાવેતર અને સંવર્ધન કરવું જોઈએ. મનરેગા યોજના વિષે વિસ્તૃત માહિતી આપી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ભરત જોષીએ જણાવ્યું કે, મનરેગા એટલે તળાવ કે ખાડા ખોદવાના એવી માનસિકતા ખોટી છે. તેનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાયી મિલકતો ઉભી કરવાનો અને તેની સાથે જોડાયેલા ગ્રામજનોને રોજગારી આપવાનો છે.

જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિનાઆધારે દરેક ગામના સરપંચશ્રીઓ સાથે બેઠક યોજી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દ્વારા પ્રત્યેક ગામદીઠ લીમડાવન માટે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવનાર છે. જે અંગેના આયોજન, તેમાં થનાર ખર્ચ, આગામી સમયમાં તેમાંથી થતી આવક સહિતની બાબતોની રૂપરેખા પણ નિયામકશ્રીએ રજૂ કરી હતી. નાયબ વન સંરક્ષાકશ્રીબી.એમ.પટેલે વન વિભાગની વિવિધ યોજનાઓઅંગે જાણકારી આપી તેનો લાભ લેવા ગ્રામજનોને આહ્વાન કર્યુ હતું. સમારોહના અંતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરસહિતના મહાનુભાવો દ્વારાવૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ સુશ્રી ભાનુમતીબેન મકવાણા, કારોબારી અધ્યક્ષ સુશ્રી દિપમાલાબેન પટેલ, જિલ્લા સંગઠનના પ્રમુખશ્રી દશરથજી ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, તાલુકા સંગઠન પ્રમુખશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષભાઈ પટેલ, વસઈપુરા તથા આસપાસના ગામના સરપંચશ્રીઓ તથા ગ્રામજનોઉપસ્થિત રહ્યા હતા.



રિપોર્ટ-જફર શેખ- સુરત

કમલમદૈનિક,
ઉમરગામ તાલુકા ના ધોડીપડા ગામ માં બીજેપી પ્રદેશ યુવા મોરચા તરફ થી કોરોના કાળ માં કિરણ વોરીર વ્યક્તિ અને સંસ્થા ઓ ને એમની કોરાના કાળ દરમિયાન લોક સેવા માટે કરેલ સેવાકીય કાર્ય બદલ , સમ્માનિત કરવા મા આવ્યા, પ્રદેશ યુવા મોરચા પ્રમુખ શ્રી પ્રશાંતભાઈ , અને ગુજરાત રાજ્ય ના વન અને આદિજાતિ મંત્રી શ્રી રમણભાઈ પાટકર જી, પ્રદેશ લઘુમતિ મોરચા ના મંત્રી ઈલિયાસ ભાઈ મલેક, લઘુમાટી મોર્ચ ના વલસાડ જીલા પ્રમુખ ફારુક ભાઈ પેન વાલા હજાર હતા. જેમાં અન્ય સેવક અને સંસ્થાઓ ને સમ્માનિત કરાયા હતા જેમાં ઉમેરગામ ટાઉન જામા મસ્જિદના ના જમતી અને કમિટી ના સદસ્યોને એમની સેવા બદલ સમ્માનિત કરાયા હતા

